સે. ૨૨માં જુગાર રમતા છ રંગેહાથ ઝડપાયા

રૂ. ૭.૫૦ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ : સે. ૨૨માં રાત્રે ધાબા પર ચઢીને બાજી માંડી હતી : જુગારીઓમાં એક વકીલ અને એક પત્રકારનો પણ સમાવેશ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ ખાતે સ્થિત વિપુલ સાયકલ સ્ટોર્સના ધાબા પર ચઢીને કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે સે. ૨૧ પોલીસે રાત્રે સાડા અગીયાર વાગ્યે દરોડો પાડીને પત્રકાર અને વકીલ સહિત છ શખ્સોને જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. રૂ. ૨૭ હજાર રોકડા તથા બે મોપેડ, એક બાઈક અને ૩ ગાડીઓ મળીને રૂ. ૭.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને છ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૨૧ સિનિ. પી.આઈ. એસ.ડી. પટેલને ગઈકાલે મોડી રાત્રે બાતમી મળી હતી કે સેક્ટર-૨૨ વિપુલ સાયકલ સ્ટોર્સના ધાબા પર કેટલાક શખ્સો જુગારની બાજી માંડીને બેઠા છે.

જેને આધારે સિનિ. પી.આઈ.ની સુચનાથી પી.એસ.આઈ. પી.જે. સોલંકી તેમની ટીમ સાથે બાતમીવાળા સ્થળે રાત્રે પહોંચી ગયા હતા અને દરોડો પાડીને જુગાર રમી રહેલા છ શખ્સોને ઝડપી પાડ્યા હતા. જુગાર રમતા પકડાયેલા છ પૈકી એક વકીલ અને એક પત્રકાર પણ હોવાનું જાણવા મળ્યું છે. સેક્ટર-૪-બી પ્લોટ નં. ૪૨૫/૧માં રહેતા વકીલ મૃગાન્દ દલસુખભાઈ પટેલ, સેક્ટર-૨૨ પ્લોટ નં. ૫૯૩/૨માં રહેતા પત્રકાર રાજુ પન્નાભાઈ આર્ય, સે. ૨૨ પ્લોટ નં. ૪૩૭/૨માં રહેતા ડ્રાયવર પટેલ સંદિપ ભીખુભાઈ, સે. ૫-એ પ્લોટ નં. ૨૬૫/૨માં રહેતા અને ગેરેજ ચલાવતા રાય મુકેશ ઠાકોરભાઈ, સેક્ટર-૨૨ નંદનવન પ્લોટ નં. ૫૦૩/૨ માં રહેતા આનંદ લાલસિંહ રાવત અને સેક્ટર-૫-એ પ્લોટ નં. ૩૫૫/૨માં રહેતા હરેશ છનાજી વડોદરીયા મળીને શખ્સોની રૂ. ૨૬,૭૮૦ રોકડા તથા ૬ મોબાઈલ, ૩ ગાડી, એક બાઈક, બે મોપેડ મળીને છ વાહનો કબ્જે લઈ કુલ રૂ. ૭,૪૯,૦૮૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડૉ. આંબેડકર ક્રિકેટ ટુર્નામેન્ટ જીતતી સાબરમતી ઈલેવન ટીમ

મેન ઓફ ધ મેચ ટ્રોફી નરેશ તથા મેન ઓફ ધ સીરીઝ ટ્રોફી પરેશને એનાયત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના આંગણે ડૉ. આંબેડકર ક્રિકેટ ટુર્નામેન્ટ તાજેતરમાં યોજવામાં આવી હતી. ટુર્નામેન્ટમાં ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. સાબરમતી ઈલેવન ટીમે ફાઈનલ મેચની વિનર ટ્રોફી મેળવી હતી.

સમસ્ત અનુસૂચિત જાતિના યુવાનોને રમતના માધ્યમથી એકત્રિત કરવા માટેના આયોજન અર્થે જીવનશિલ્પ સંદેશ દ્વારા ડૉ. આંબેડકર કપ ૨૦૧૩ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. ફાઈનલ મેચ સાબરમતી ઈલેવન, અમદાવાદ અને આર.ફાઈવ બી, ગાંધીનગર વચ્ચે રમાઈ હતી. ફાઈનલ રાઉન્ડમાં સાબરમતી ઈલેવને આર.ફાઈવબી ગાંધીનગરને હરાવી વિનર ટ્રોફી મેળવી હતી. સાબરમતી ટીમના કેપ્ટન ગીરીશ વાઘેલાને મુકેશ પરમાર ડેપ્યુટી કલેક્ટર ગાંધીનગર અને શૈલેષ જાદવ આયોજક અને મંત્રી જીવનશિલ્પ સંદેશના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. રનર્સ અપ આર.ફાઈવ બી. ગાંધીનગરના કેપ્ટન કૌશિક પરમારને ગોવિંદભાઈ અને જયંતિભાઈ પરમારના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

ટુર્નામેન્ટમાં બેસ્ટ બેસ્ટમેન તરીકે પ્રદીનને, બેસ્ટ બોલર તરીકે નરેશને, બેસ્ટ ફિલ્ડર તરીકે મિલાપને, બેસ્ટ કિપર તરીકે જિજ્ઞેશ પરમારને, મેન ઓફ ધ સીરીઝ પરેશને તથા મેન ઓફ ધી મેચ નરેશને એનાયત થઈ હતી. ડૉ. આંબેડકર ક્રિકેટ કપમાં ફ્રેન્ડલી મેચનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર પત્રકાર એક્રેડેટેક ક્લબ અને નાણા વિભાગ, સચિવાલયની ટીમ વચ્ચે આ મેચ રમાઈ હતી. લીગ મેચ, ક્વાર્ટર ફાઈનલ, સેમી ફાઈનલ અને ફાઈનલ મેચમાં દાતાઓ તથા મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા બાળ સર્જનાત્મક શિબિરનો ૩જીથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૩ જૂનથી ૫મી જૂન દરમિયાન બાળ સર્જનાત્મક શિબિરનું સવારે ૮.૩૦ થી ૧૧ વાગ્યા દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. ૫ થી ૧૪ વર્ષના બાળકો નિઃશુલ્ક રીતે આ શિબિરનો લાભ લઈ શકશે એમ ટ્રસ્ટી સંજય પટેલે જણાવ્યું છે.

ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ બાળકોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ થઈને કાર્ય કરે છે. ઉદ્‌ગમ દ્વારા બાળકોના સાતત્યપૂર્ણ વિકાસને ધ્યાનમાં રાખીને સમર કેમ્પનું આયોજન સફળતાપૂર્વક કર્યું હતું. ઉદ્‌ગમના આ પ્રયાસોને ગાંધીનગરના નગરજનોનો સાથ મળ્યો હતો. આ શિબિર દરમિયાન વાલીઓની માંગને ધ્યાને લઈને સંસ્થાએ બાળ સર્જનાત્મક શિબિરનું આયોજન ૩ થી ૫ જુન ૨૦૧૩ સુધી કરવામાં આવ્યું છે.

આવો રંગ ભરીએ, બાળકનું જીવન બદલીએના અભિગમથી આ કેમ્પમાં બાળકના વ્યકિતત્વ વિકાસના આશય સાથે પપેટ મેકિંગ, ગ્રેટીંગ કાર્ડ, ચિત્ર કલા, વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવી વગેરે જેવી રચનાત્મક અને સર્જનાત્મક વિકાસની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન આ શિબિર દરમિયાન કરવામાં આવશે.

ઉદ્‌ગમની બાળ સર્જનાત્મક શિબિરમાં વિવિધ વિષય નિષ્ણાતોના સહયોગથી બાળકોને વિશેષ પ્રકારની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર બાળ સર્જનાત્મક શિબિરનું આયોજન વિના મૂલ્યે કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ભાગ લેનાર બાળકની ઉંમર ૫ થી ૧૪ વર્ષની રહેશે અને કોઈ પણ પ્રકારની ફી આપવાની રહેતી નથી. બાળ સર્જનાત્મક શિબિરમાં ભાગ લેવા માંગતા બાળકોએ પોતાના નામ નોંધાવવા સંજય પટેલ- ૯૯૧૩૮૮૮૭૪૫ અને ઉદ્‌ગમના કાર્યાલય પ્લોટ નં. ૮૧૮ સી, પોલીસ ચોકી સામે, સેકટર-૮, ગાંધીનગર ફોન નં. ૨૩૨૩૫૪૧૩નો સંપર્ક કરવો.

સંગીત, નાટક, નૃત્ય અને લોકકલા ક્ષેત્ર માટેના કલાકારને ગૌરવ પુરસ્કારથી સન્માનાશે

પાત્રતા યોગ્ય કલાકારે ૨૭મી જૂન સુધી જરૂરી વિગતો સાથેની અરજી કરવી

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજયની સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકકલાક્ષેત્ર વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગુજરાત રાજ્ય કે ગુજરાત રાજયની બહાર સ્થાયી થયેલા ગુજરાતના કલાકારોને વર્ષ-૨૦૧૨-૧૩ માટે પસંદ કરી ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. ગૌરવ પુરસ્કારમાં ૫૧૦૦૦ રૂ. રોકડા અને તામપત્ર આપવામાં આવશે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા રંગમંચલક્ષી કલા ક્ષેત્રના ગૌરવ પુરસ્કાર માટે ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારો પાસેથી વિગતો મંગાવાઈ છે. કલાકારે ૨૭મી જૂન સુધીમાં પોતાનું નામ, સરનામુ, ટેલિફોન નંબર, ગૌરવ પુરસ્કાર માટેનું કલાનું ક્ષેત્ર, જે તે કલાક્ષેત્રમાં કરેલ પ્રદાન, આ પ્રદાનને સમર્થન આપતી વિગતો તથા ગૌરવ પુરસ્કાર માટે આપવા સારૂ યોગ્ય જણાય તેવી અન્ય તમામ વિગતો (બાયોડેટા) અને ભલામણ કરનાર દ્વારા દરખાસ્ત કરાતી હોય તો ભલામણ કરનારનું નામ, સરનામુ, જેવી વિગતો અરજી સાથે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી કે રૂબરૂ સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગરને મોકલવી.

આજે કડાદરામાં કવ્વાલીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

દહેગામ તાલુકાના કડાદરા ગામે હઝરત કાલુ સૈયદ દરગાહનો સંદલ અને ઉર્સ મુબારક સાનો સોકતથી મનાવવામાં આવશે જે અંતર્ગત આજે ૩૧મી મે ના રોજ રાત્રે ૧૦ કલાક ગુજરાતના મશહૂર કવ્વાલ યુસુફ આઝાદ અને જુનિયરોનો કવ્વાલીનો કાર્યક્રમ યોજાશે.

કવ્વાલીના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખાસ મહેમાનો ઉપસ્થિત રહેશે. અજમેરના નસીર અહેમદ ખાદીમ આ પ્રસંગે ચાદર પેશ કરશે. ગાંધીનગર મુસ્લીમ અગ્રણી યુસુફભાઈ પરમાર પૂર્વ ડેપ્યુટી મેયર મહાનગરપાલિકા ગાંધીનગર ખેડાલ મનસુરી સમાજના પ્રમુખ ગનીભાઈ મનસુરી, રઉફબાપુ તેમજ ગામના સાથ સહકાર સાથે બળિયાદેવ મિત્ર મંડળના સહયોગથી ઉર્સ કોમી એકતા અને સદ્‌ભાવના સાથે મનાવવામાં આવશે. એમ ઉર્સ કમિટિના મોહમંદ હસનભાઈ દ્વારા જણાવાયું છે.

આજે સિ.સિ.કા.ની ૨૦મી વાર્ષિક સભા

ગાંધીનગર, તા. ૨૯

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની ૨૦મી વાર્ષિક સાધારણ સભા અને માસિક સભા આજે તા. ૩૧મી મે-૨૦૧૩ને સાંજે ૫ કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ, સમાજવાડી, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે યોજાશે.

સિ.સિ.કા.ની બેઠકમાં પ્રમુખના ઉદ્‌બોધન સાથે વર્ષ-૨૦૧૨-૧૩ના હિસાબો, વર્ષ-૨૦૧૩-૧૪ માટે ઓડિટરની નિમણૂંક અને અંદાજપત્ર મંજૂરી અને વર્ષ ૨૦૧૩-૧૫ના ચૂંટણી પરિણામની જાહેરાત જેવા મુદ્દાઓની બાબતો એજન્ડામાં લીધેલ છે.

પોલીસે ૬ બીયરના ટીન પકડ્યા

ગાંધીનગર, તા. ૨૯

પેથાપુર કસ્બા વિસ્તારમાં એક મકાનમાં દારૂ-બિયર વેચાતો હોવાની બાતમીને આધારે ગઈકાલે મોડી સાંજે પેથાપુર પોલીસે દરોડો પાડી મકાનમાં ચેકીંગ કરતાં છ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે ફરાર થઈ ગયેલા યુનુસ અયુબખાન પઠાણની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક અડાલજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવાનો મૃતદેહ મળી આવ્યો છે. જેની તપાસ અડાલજ પોલીસે શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ આજરોજ સવારના સુમારે નર્મદા કેનાલ પરથી ચિરાગભાઈ પટેલ પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે કેનાલમાં અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ નજરે પડ્યો હતો. તેમણે તાત્કાલિક પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરી હતી. કંટ્રોલમાંથી મેસેજ મળતાં અડાલજ પોલીસ મથકના એ.એસ.આઈ. ભૂપતસિંહ વાઘેલા નર્મદા કેનાલ પર પહોંચીને મૃતદેહને બહાર નીકાળ્યો હતો. મૃતકની અંગજડતી લેતા મૃતકની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા નથી. મુતકની લાશને પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયનો છે. તેણે બ્લેક પેન્ટ અને આસમાની રંગનો આખી બાંયનો શર્ટ અને બુટ પહેરલ છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલાકૃતિઓના સંકલિત પ્રદર્શનનું ૩ જીએ ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત અને સી.વી.એમ. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, વલ્લભ વિદ્યાનગર તથા રૂસ્તમ તાલ્યારખા ફાઈન આર્ટસ ઈન્સ્ટીટ્યૂટ નારગોલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સમકાલિન કલાકારોના કેમ્પમાં તૈયાર થયેલી કલાકૃતિઓના સંકલિત પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ૩જી જૂન-૨૦૧૩ના રોજ સાંજે ૫ કલાકે રવિશંકર રાવળ કલા ભવન, લો ગાર્ડન, એલિસબ્રિજ અમદાવાદ ખાતે યોજાશે. ગુજરાત રાજ્યના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નાયબ સચિવ ભાવેશ એરડાના વરદહસ્તે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન થશે.

લાયન્સ ક્લબે સ્વ. રમેશભાઈ અમીનને શ્રદ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૨૯

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ રમેશભાઈ અમીનનો તાજેતરમાં સ્વર્ગવાસ થતા લાયન્સ પરિવારે દુઃખની લાગણી અનુભવી છે અને સ્વર્ગસ્થના પરિવારજનોને આવા આઘાતજનક સમયમાં દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુ પ્રાર્થના કરી છે. અને તેમની કામગીરીને બિરદાવી લાયન્સ પરિવારને આ મોભીની સતત ખોટ રહેશે તેવી ભાવના અર્પી સહૃદય શ્રદ્ધાંજલિ અર્પી છે.

આજથી વાવોલમાં યોગ શિબિર

ગાંધીનગર, તા. ૨૯

પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા શાલ્વિક હોમ્સ, કોલવડા રોડ, વાવોલ ખાતે ૧૦ દિવસની નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રેરણા વ્યાયામ શાળાના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલાએ વિગતો આપતા જમઆવ્યું છે કે, આજે તા. ૩૧મી મે થી ૯ મી જૂન દરમિયાન દરરોજ સવારે ૬ થી ૭ કલાક સુધી શાલ્વિક હોમ્સ, કોલવડારોડ, વાવોલ ખાતે યોગ શિબિર યોજાશે. યોગના પ્રચાર અને પ્રસાર માટે યોજવામાં આવેલ આ શિબિર દ્વારા નગરજનો સ્વાસ્થ્યપ્રદ જીવન માટે યોગ સાધનાને અપનાવી તંદુરસ્ત જીવન મેળવે તે હેતુ છે. ભાગ લેવા ઈચ્છતા શિબિરાર્થીઓએ પોતાની સાથે શેતરંજી લઈને આવવાનું રહેશે.

ખાત્રીબા કોસમાં સુજલામ સુફલામ કેનાલમાંથી પાણી ન છોડાતા ખેડૂતોમાં આક્રોશ

(તસવીર : નિખિલ પંડ્યા, દહેગામ)

દહેગામ,તા. ૩૦

અત્યારે ગુજરાત રાજ્યમાં કૃષિ મહોત્સવોની જોરશોરથી સિઝન ચાલી રહી છે. તેવા સંજોગોમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં પણ ગામડે-ગામડે કૃષિ મહોત્સવો યોજાઈ રહ્યાં છે. સરકાર દ્વારા કરોડોના ખર્ચે કૃષિ મહોત્સવો યોજાઈ રહ્યા છે. તેવા સંજોગોમાં દહેગામ તાલુકાના ગામડાઓમાં ફરતાં સરકારના અધિકારીઓને સરકારની અધુરી યોજનાઓને લીધે ખેડૂત મિત્રોના રોષનો સામનો કરવો પડી રહ્યો છે. દહેગામ તાલુકાના કુમેચાથી આમલા-ડેમાલીયા સુધીની લાઈનના સંખ્યાબંધ ગામડાઓના હજારો ખેડૂતમિત્રોની જીવાદોરી સમાન ખાત્રીબા કોસમાં પાણી નાંખવાની સરકારની યોજના દોઢ કરોડનો ખર્ચો કરાયા બાદ પણ પુરી ન થતાં છેલ્લાં બે વર્ષથી ખેડૂતો કોસમાં પાણી ક્યારે આવશે તેની રાહ જોઈને બેઠા છે. આ વિસ્તારમાં બોર-કુવાના પાણી ઓછા થઈ રહ્યા હોવાના કારણે ખેડૂતમિત્રો પાસે ખાત્રીબાના પાણી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. સરકાર દ્વારા ગમે તેમ કરી ૩૨ કિ.મી. લાંબા ખાત્રીબા કોસનું કામ મોટેભાગે પુરૂ થઈ ગયું હોવા છતાં તેનો લાભ ક્યારે મળશે તેની ખેડૂતમિત્રો રાહ જોઈ રહ્યાં છે. જેના પગલે આ વિસ્તારના ખેડૂત મિત્રો ચાલી રહેલ કૃષિ મહોત્સવમાં અધિકારીઓને વારંવાર રજુઆતો કરી રહ્યાં છે.

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાંથી શરૂ થઈ દહેગામ તાલુકાના ચામલા ડેમાલીયા ગામની નજીક પસાર થતી મેશ્વો નદીમાં પહોંચતા ખાત્રીબા કોસમાં પાણી નાંખવા માટે સરકાર દ્વારા દોઢ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે. ખાત્રીબા કોસના માર્ગમાં આવતા વિવિધ રસ્તાઓ પર ૧.૩૦ કરોડના ખર્ચે ૧૧ નાળા બનાવવામાં આવ્યાં છે. આ કોસને ઉંડો તેમજ પહોળો કરવાનું કામ માટાભાગે પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

બાયડ તાલુકાના કેટલાક ગામડાઓમાંથી પસાર થતાં ખાત્રીબા ડેમનું પાંચ કિ.મી.નું કામ બાકી હોવાના કારણે દોઢ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યા બાદ પણ ખેડૂતોની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી. દહેગામથી ઉર્ન્કંઠેશ્વર મહાદેવ અને બાયડ રોડ તરફના કેટલાંય ગામડાઓ આકાશીયા ખેતી પર નભે છે. આ વિસ્તારમાં કુવાના તળ ઉંડા હોવાથી પિયતની પુરતી સગવડો પણ ઉપલબ્ધ નથી. એવા સમયમાં ખાત્રીબાની કોસમાં સુજલામ સુફલામ કેનાલનું પાણી છોડાય તો ખેડૂતો સંતોષકારક ખેતી કરી શકે તેમ છે, સરકાર દ્વારા ૩૨ કિ.મી. માંથી બાકી રહેલ પાંચ કિ.મી.નું કામ પુરૂ કરી દેવામાં આવે તો દહેગામ તાલુકાના ડુમેચા, ખાડીયા, કલજોદરા, ગુંદીયાની મુવાડી, રીરાપુરા, જગદેવપુરા, કેસરાજીની મુવાડી, ભાથીજીની મુવાડી, બારૈયાની મુવાડી, શિમાવાડા, વાસણા સોગઠી, સિસકારી, પાલુન્દ્રા, હાથીજણ, ભુતેસ્વરી, આમલા અને ડેમાલીયા ગામના ખેડૂતોને મોટો લાભ મળે તેમ છે. આ સિવાય ખાત્રીબા કોસની બાજુમાં કલજોદરા, અરજણજીના મુવાડા, પાલુન્દ્રા જ્યાં ગામોમાં કરોડો રૂપિયાના ખર્ચે ઉંડા કરવામાં આવેલ તળાવોમાં ખાત્રીબા કોસમાં પાણી છોડવામાં આવે તો જ આ તળાવો ભરાય તેમ છે. જેના લીધે આ વિસ્તારના બોર કુવાના તળ ઉંચા આવી શકે. રાજય સરકાર દ્વારા આ વિસ્તારના ખેડૂતોના જીવાદોરી સમાન ખેડૂતોને તેનો લાભ મળે તેમ છે. તો આ કામ જલ્દી પુરૂ થાય તેવું દહેગામ તાલુકાના ખેડૂત મિત્રો ઈચ્છી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫

સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

યે જવાની હૈ દિવાની : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦

: સ્ક્રીન-૨ :

યે જવાની હૈ દિવાની : ૧૧.૩૫, ૨.૫૦, ૬.૦૫, ૯.૨૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૮.૨૦

યે જવાની હૈ દિવાની : ૧૦.૫૦, ૨.૦૫, ૫.૨૦, ૮.૩૫

: સ્ક્રીન-૪ :

યે જવાની હૈ દિવાની : ૯.૨૦, ૧૨.૩૫, ૭.૨૦

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૩.૫૦, ૧૦.૨૦

સૂર્યા, વાવોલ

યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જવાની દિવાની : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

જવાની દિવાની : ૧.૦૦

: સ્ક્રીન-૩ :

આશિકી-૨ : ૧૦.૧૫

જિંદગી ૫૦-૫૦ : ૧.૦૦

જવાની દિવાની : ૧.૦૦

જવાની દીવાની : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ચિરાગ, કલોલ

યે જવાની હૈ દિવાની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આવકના સાધનોથી લાભ પ્રાપ્ત થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થશે. સંચિત ધનમાં વૃદ્ધિ થશે. ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

વૃષભ : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

મિથુન : લંબિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. માતૃપક્ષ તરફથી આર્થિકક્ષેત્રમાં મદદ મળશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ -સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : કુટુંબમાં આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

કન્યા : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

તુલા : આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબમાં સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : શુભ સમાચાર મળશે. વ્યવસાયિક ગોપનીયતા બનાવી રાખવી જરૂરી છે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સંબંધી કાર્યો થશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

કુંભ : સામાજિક પદ, પ્રતિષ્ઠા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : રોગ, ઋણ, શત્રુ સંબંધી લંબિત વિવાદોને લીધી ચિંતન. કર્મક્ષેત્રમાં વિશેષ નિર્ણય અંગે વિવાદ ન થયા તેની કાળજી લેવી. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે.

ચિરવિદાય

● સ્વ. મનોજભાઈ મણીલાલ ખારવા (ઉ.વ. ૪૦) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.